# <u>ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા</u>

## <u>(અઠવાડિક તા.૨૬/૦૮/૨૦૧૯ થી તા.૦૧/૦૯/૨૦૧૯)</u>

# નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન

### <u>પ્રેસનોટ નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન</u>

મોજે ડાકોર સર્વે નં- ૯૨૧ વાળી જમીન બાબતે નડીયાદ કોર્ટમાં દાવા નં - ૪૭/૨૦૧૯ નો ચાલતો હોય જે દાવા અનુંસંધાને ઠાસરા મત વિસ્તારના કોગ્રેસના ધારાસભ્ય શ્રી કાન્તિભાઇ શાભાઇભાઇ પરમાર રહે. વણોતી નાઓ તથા અન્ય ઉક્ત દાવાના કામે પ્રતિવાદી તરીકે હોય તા.૩૦/૦૮/૨૦૧૯ના રોજ મુદત નિમાઇ આવતા કોર્ટમાં હાજર રહેલ અને કોર્ટનું કામ પુર્ણ કરી પરત પોતાની સ્વીફ્ટ ગાડી નં- જીજે ૭ એ.આર ૭૯૪૫માં પોતાની સાથેના માણસો સાથે ડાકોર જતા હોય તે વખતે ક ૧૨/૪૦ વાગ્યાના અરસામાં નડીયાદ કોર્ટ બહાર જતા સમયે નડીયાદ બિલોદરાના ભાનુભાઇ જોધાભાઇ ભરવાડ તથા અન્ય ભરવાડના માણસો એ ગાડીને રોકી તોડફોડ કરી ગાડીમાં બેસેલ (૧) વિજયભાઇ ચુનીભાઇ ઝીલકા (૨) અશોકભાઇ કાશીભાઇ પટેલ (૩) ધારાસભ્ય શ્રી તથા ડ્રાઇવર રાકેશભાઇ રાયસિંહભાઇ સોલંકીને લાકડીઓથી મારમારી ઇજાઓ પહોચાડી તેમજ સ્વીફ્ટ ગાડીને નુકસાન કરી ગુનો કરેલ જે બાબતે માનનીય ધારાસભ્યશ્રી નાઓની ફરીયાદ આધારે નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશનઃ- ફ.ગુ.ર.નં.૧૦૦/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૧૪૩ ,૧૪૭ ,૧૪૮ ,૧૪૯ ,૩૪૧ ,૩૨૩ ,૩૨૪, ૫૦૪ ,૫૦૬(૨),૧૨૦ (બી) ,૪૨૭ મુજબ નો ગુનો તા ૩૦/૦૮/૨૦૧૯ ના ક. ૧૪/૧૫ વાગે નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશને રજીસ્ટર કરવામાં આવેલ ઉક્ત ગુના બાબતે પોલીસ અધિક્ષકશ્રી ખેડા નડીયાદ તેમજ ના.પો.અધિક્ષકશ્રી નડીયાદ વિભાગ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્થાનીક એલ.સી.બી શાખા/એસ.ઓ.જી શાખા તથા નડીયાદ ટાઉન સર્વેલન્સ સ્કોડની જુદીજુદી ટીમો બનાવી આરોપીઓની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ જેમાં તા.૩૧/૦૮/૨૦૧૯ના રોજ આરોપી <u>નાગજીભાઇ જોધાભાઇ ભરવાડ</u>નું નામ ફરીયાદીશ્રીની એફ.આઇ.આરમાં હોય તથા <u>અજયભાઇ અમરાભાઇ ભરવાડ</u> જે વિડીઓ ક્લીપની અંદર લાલ શર્ટ પહેરેલ હોય અને તેણે ફરીયાદીશ્રીની ગાડી આગળ પોતાનું હોન્ડા આડ કરી રોકેલ હોવાનું જણાતો હોય જે બન્નેની તા.૩૧/૦૮/૨૦૧૯ ક.૧૪/૧૫ વાગ્યે ધરપકડ કરવામાં આવેલ છે. અને આરોપીઓને ગુનાની તપાસના કામે નામદાર કોર્ટમાં આજરોજ રજુ કરતા આરોપીઓના તા.૫/૦૯/૨૦૧૯ સુધીના પોલીસ રીમાંન્ડ મળેલ તેમજ આરોપીઓની તપાસ બાબતે જુદી જુદી ટીમો બનાવેલ જેમાં આ ગુનાના મુખ્ય સુત્રધાર ભાનુંભાઇ જોધાભાઇ ભરવાડ (૨) નવઘણ ઉર્ફે રાજેશ ભાનુભાઇ ભરવાડ તથા (૩) પ્રકાશ નારણભાઇ મેઠીયા (પંજાબી) રહે. નડીયાદ નાઓને ગુનાના કામે પકડાતા આજ રોજ ક ૧૪/૫૫ વાગ્યે ધરપકડ કરવામા; આવેલ છે. અને આરોપીઓ પાસે થી આ ગુનામાં વાપરેલ હથીયારો તેમજ આ ગુનામાં આ આરોપીઓની તરફદારી કરનારની ઝીણવટ ભરી તપાસ હાલ ચાલું છે. તેમજ બાકી રહેલ ગુનાના તમામ આરોપીઓને પકડવા તજવીજ ચાલું છે.